# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

**બ્લોક નં .૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦, ગાંધીનગર**

## જાહેરાત ક્રમાંક:૩૭૮/૨૦૨૫૨૬

**(વેબસાઈટ એડ્રેસ : https://gsssb.gujarat.gov.in)**

---

**"ગુજરાત ગૌણ સેવા", વર્ગ-૩, Combined Competitive Examination (CCE) (ગૃપ-A અને ગૃપ-B) ની પ્રાથમિક પરીક્ષા માટે કોલ લેટર ડાઉનલોડ કરવા બાબતની અગત્યની સુચના**

૧. **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ** દ્વારા તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ **જાહેરાત ક્રમાંક: ૩૭૮/૨૦૨૬** હેઠળ, **"ગુજરાત ગૌણ સેવા"** વર્ગ-૩, સંવર્ગ (ગૃપ-**A** અને ગૃપ-**B)** ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા માટેની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ. જેની પ્રાથમિક પરીક્ષા તા.૧૬/૦૯/૨૦૨૬ થી તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ **MCQ-CBRT (Computer Based Response Test)** પદ્ધતિથી યોજાનાર છે. જે સંદર્ભે ઉમેદવારો **તા.૦૮/૦૯/૨૦૨૬ ના રાત્રે ૦૯:૦૦ કલાકથી કોલ લેટર ડાઉનલોડ કરી શકશે.**

૨. મંડળ દ્વારા આ પરીક્ષામાં ઉમેદવારોનું બાયોમેટ્રીક વેરીફીકેશન કરવામાં આવનાર હોય પ્રસ્તુત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતા ઉમેદવારોએ કોલ લેટરમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર ખાતે કોલ લેટરમાં દર્શાવ્યા મુજબના રીપોર્ટીંગ સમયે હાજર થવાનું રહેશે. જો કોઈ ઉમેદવાર રીપોર્ટીંગ સમય બાદ પરીક્ષા કેન્દ્ર ખાતે ઉપસ્થિત થશે તો તેઓને કોઈપણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહીં, જેની સર્વે ઉમેદવારોને નોંધ લેવા વિનંતી.

3. મંડળ દ્વારા યોજાનાર **MCQ-CBRT** પદ્ધતિની પરીક્ષામાં દરેક પ્રશ્નના સાચા જવાબ પસંદ કરવા માટે પ્રશ્નની નીચે ચાર વિકલ્પ આપવામાં આવશે. જે પૈકી ઉમેદવારે સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. પ્રશ્નનો ખોટો જવાબ પસંદ કરવાથી **1/4** માર્કસ (નેગેટીવ માર્કસ) કાપવામાં આવશે.


**૪. નોર્મલાઇઝેશન (Normalization) માટે મંડળ દ્વારા Equi-percentile method થી નોર્મલાઇઝેશન કરવામાં આવશે જે અંગે તા.૦૭/૦૯/૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ કરાયેલ વેબ નોટ વંચાણે** લેવા વિનંતી.

૫. ઉમેદવારોએ સદર પરીક્ષાના ઓનલાઇન પ્રવેશપત્ર-કોલ લેટર ડાઉનલોડ કરીને તેની ફિઝીકલ પ્રિન્ટ આઉટ કાઢીને પ્રવેશપત્રમાં દર્શાવેલ પરીક્ષાના દિવસે અને સમયે પરીક્ષા કેન્દ્ર ખાતે અચૂક હાજર રહેવાનું રહેશે.

૬. ઉક્ત સંવર્ગોના તમામ ઉમેદવારોએ ઓનલાઈન પ્રવેશપત્ર-કોલ લેટર ડાઉનલોડ કરવા માટે નીચે મુજબના **Steps** અનુસરવાના રહેશે.

**Step 1:** નીચેની લિંક પર ક્લિક કરો.


https://cdn3.digialm.com/EForms/configuredHtml/32791/102137/login.html




**Step 2:** કન્ફર્મેશન નંબર, જન્મ તારીખ, અને ઈમેજ ટેક્ષ્ટ ટાઈપ કરી **Login** બટન પર ક્લિક કરશો એટલે નીચે મુજબની સ્ક્રીન ખુલશે.




**Step 3:** ઉમેદવાર **Admit Card** પર ક્લીક કરીને પોતાનો ઓનલાઇન પ્રવેશપત્ર - કોલ લેટર ડાઉનલોડ શકશે.




**Step 4:** ઓનલાઇન પ્રવેશપત્ર - કોલ લેટર ડાઉનલોડ કરીને તેની પ્રિન્ટઆઉટ કાઢી લેવાની રહેશે અને કોલલેટરમાં નિર્દિષ્ટ તારીખ અને સમયે પરીક્ષા કેન્દ્ર પર કોલલેટર અચૂકપણે સાથે લાવવાનો રહેશે તથા કોલ લેટરમાં દર્શાવેલ ઉમેદવાર માટેની સૂચનાઓ અવશ્ય વાંચીને તેનો ફરજિયાતપણે અમલ કરવાનો રહેશે.

**૭.** ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ કોલ-લેટર તથા સુચનાઓની વિગતો પરીક્ષા સમયે હાજરીપત્રકની વિગતો ભરવા તેમજ પરીક્ષાની આગળની કાર્યવાહી માટે ખૂબ જ ઉપયોગી હોઇ તે અચૂક વાંચી જવી. ઓનલાઈન કોલ લેટર ડાઉનલોડ કરવા સંદર્ભે કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે કચેરી સમય દરમ્યાન મંડળની હેલ્પલાઈન નંબર : ૦૭૯-૨૩૨૫૮૯૧૬ પર સંપર્ક કરી શકાશે.

સ્થળ : ગાંધીનગર

તારીખ : ૦૮/૦૯/૨૦૨૬

સચિવ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ